# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૪૮ તા.૨૧-૮-૧૮

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- વિકલાંગ શિષ્યવૃત્તિના વર્ષ ૨૦૧૮-૧૯ના ફોર્મ ભરાવવા આયોજન બાબત.

સંદર્ભ :- જા.નં.સસુઅ/અમદ/૧૮-૧૯/૧૦૨૮ના બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીની કચેરી તા.૧૬-૮-૨૦૧૮નો પત્ર.

આથી તમામ મ્યુનિ. શાળાઓના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રી દ્વારા ડીઝીટલ ગુજરાત પોર્ટલ અંતર્ગત ઓનલાઈન શિષ્યવૃત્તિ-ગણવેશ સહાય-૨૦૧૮-૧૯ માં વિકલાંગ વિદ્યાર્થીઓનાં બેંક એકાઉન્ટમાં સીધા જ જમા થઈ શકે તે રીતે આ પરિપત્ર દ્વારા કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

વિકલાંગ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિ-ગણવેશ સહાયથી વંચિત ન રહી જાય તે માટે www.digitalgujarat.gov.in પર વિકલાંગ વિદ્યાર્થીઓના ફોર્મ ઓનલાઈન ભરવાના રહેશે. ઓનલાઈન ફોર્મ ભરવા માટે વિકલાંગ વિદ્યાર્થીઓની બેંક એકાઉન્ટની વિગત અને આધારકાર્ડની વિગતો જોડવી જરૂરી છે. વિકલાંગ વિદ્યાર્થીઓની ઓનલાઈન એન્ટ્રીની કામગીરી ઝડપથી પૂર્ણ કરવી. જો કોઈ વિદ્યાર્થી શિષ્યવૃત્તિથી વંચિત રહેથી તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે. જેની ગંભીરતાથી નોંધ લેશો.

તા.૨૧-૮-૧૮

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

જા.નં.સસુઅ/અમદ/૧૮-૧૯/ ૨૦૨૫
બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ,
જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી,
ગ્રાઉન્ડ ફ્લોર, બહુમાળી ભવન,
લાલદરવાજા,અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન.નં.૦૭૯-૨૫૫૦૮૭૧૨
Email : dsdo-ahd@gujarat.gov.in
તા. ૨૬/૦૮/૨૦૧૮

પ્રતિ,
શાસનાધિકારી ...શ્રી,
નવરંગપુરા... [illegible], નવરંગપુરા,
અમદાવાદ.

વિષય :- વિકલાંગ શિષ્યવૃત્તિના વર્ષ-૨૦૧૮-૧૯ ના ફોર્મ ભરાવવા આયોજન બાબત

સાહેબશ્રી,

જય ભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, વિકલાંગ શિષ્યવૃત્તિના વર્ષ-૨૦૧૮-૧૯ ના વર્ષના શરૂઆતમાં વિકલાંગ વિદ્યાર્થીઓને વિકલાંગ શિષ્યવૃતિનો લાભ મળે તે માટે પ્રાથમિક શાળા, માધ્યમિક શાળા, અને ઉચ્ચતર માધ્ય.શાળાઓને http:/www.digitalgujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન ફોર્મ ભરાવવા માટે જાણ કરી આગળની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

દરેક તાલુકા કક્ષાએ તાલુકા વિકાસ અધિકારી શ્રી ની કચેરીમાં દર બુધવાર/ગુરુવારે જે મીટીંગો યોજાય છે તેમાં વિકલાંગ વિદ્યાર્થીઓ વંચિત ન રહી જાય તે માટે તલાટીઓએ ગામની જે તે શાળાઓના આચાર્યશ્રીનો સંપર્ક કરી આ http:/www.digitalgujarat.gov.in વેબસાઇટ ઉપર વિકલાંગ વિદ્યાર્થીઓના ફોર્મ ઓનલાઇન ભરવાની જાણકારી આપવી.

વિકલાંગોની સ્વૈચ્છિક સંસ્થાઓ અને મંદબુદ્ધિની સંસ્થાઓએ આ http:/www.digitalgujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન ફોર્મ ભરવા જણાવવામાં આવે છે. મંદબુદ્ધિ સંસ્થાઓને યુઝર આઇ.ડી અને પાસવર્ડ આ પત્ર સાથે મોકલી આપવામાં આવે છે. મંદબુદ્ધિ સંસ્થાઓમાં પ્લે ગ્રુપ માં ભણતા બાળકોના આ http:/www.digitalgujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન કરવા સુચના આપવામાં આવે છે.

આ ઓનલાઇન ફોર્મ ભરવા માટે વિકલાંગ વિદ્યાર્થીઓની બેંક એકાઉંટની વિગત અને આધાર કાર્ડની વિગત જોડવી જરૂરી છે. જે આપ સૌને વિદિત થવા વિનંતી છે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી
અમદાવાદ